સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ- 6** | **ગુજરાતી** | **જુલાઈ, 2020**

**સમય 1 :કલાક** | **કુલ ગુણ: 25**

**<u>* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>**

અ.નિ. ચિત્રવર્ણન કરી શકે છે અને લખી શકે છે.

**પ્રશ્ન -1** **ધોરણ-6 ગુજરાતીના પાના નંબર-1 પર આપેલ નીચેના ચિત્રના આધારે રેલવે સ્ટેશનનું વર્ણન પાંચ વાકયોમાં લખો.** **(5)**




**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટેઃ રેલવે સ્ટેશન વિશે પાંચ વાકયો લખો.**

અ.નિ. વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબધો તારવી જવાબ આપી શકે છે.

**પ્રશ્ન-2** **પ્રશ્નોના જવાબ લખો.**

1 કવિ પોતાને ભારતભૂમિના સંતાન શા માટે કહે છે? (2)

2 નીચે આપેલી સૂચના તમને કયાં સ્થળોએ જોવા મળે છે ? (2)

(1) અહીં ધૂમ્રપાન કરવાની મનાઈ છે.

(2) પગરખાં અહીં ઉતારો.

3 ‘બધાં એકબીજા સાથે પ્રેમ અને સહકારની ભાવનાથી રહે.’ - આ ભાવ દર્શાવતી પંક્તિ કાવ્યમાંથી શોધીને લખો. (1)

અ.નિ. સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે. **(5)**

**પ્રશ્ન-3** **ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

પહેલો વરસાદ વરસ્યો. સારી રીતે વરસ્યો. ટેકરા ધોવાયા, ખાડા ભરાયા, ખાડે ખાડે દેડકાં ઊભરાયાં. એક-બે નહિ, બે-ચાર નહિ, પાંચ-પચ્ચીસ નહિ પણ આ તો પચાસ-સો ! દેડકાની મોટી સેના ! એક બોલે ડ્રાઉં ડ્રાઉં, બધાં બોલે ડ્રાઉં ડ્રાઉં. એક ચૂપ રહે, બધાં ચૂપ રહે. પણ આ દેડકાં ઊભરાયાં ક્યાંથી? કાલ સુધી તો દેડકાનું નામનિશાન પણ ન હતું. કાલની વાત તો રહી, આ હમણાં વરસાદ વરસ્યા પહેલાં દેડકાં હતાં જ ક્યાં ? હોય એકાદ રડ્યુંખડ્યું : પાણીના ખાડામાં કે તળાવમાં રહેતું હોય. પણ આ દેડકાની હાર નીકળી ક્યાંથી?

કાલે જ મને ખબર પડી. વરસાદ બંધ પડે, પાણી સુકાઈ જાય એટલે દેડકાં દોડતાં ખાડાની ખોભાણોમાં ભરાઈ જાય. જ્યાં ભીનાશ હોય ત્યાં ભરાઈને ભાઈબંધો ઊંઘવા માંડે. ફરી જયારે વરસાદ આવે ને પાણી મળે એટલે દેડકાંભાઈઓના જીવમાં જીવ આવે, ધીરે ધીરે શ્વાસ લેવા લાગે; લોહી ફરવા લાગે; હૃદય ધબકારા લેવા લાગે ને ગળું હલહલ થવા માંડે. ભાઈઓનો સુરીલો સૂર નીકળે : ડ્રાઉં ડ્રાઉં ડ્રાઉં ! એકાદ જીવડું નજરે પડે તો તાળવે ચોંટેલી જીભ લબ કરીને જીવડા તરફ ફેંકે ; પછી પેટમાં સ્વાહા !

લહેરમાં આવે ત્યારે ભાઈઓ તરવા લાગે. પાણીમાં બહાર નીકળી ફૂદાફૂદ કરે. વરસાદ આવે ત્યારે તાનામાના, અને ન આવે ત્યારે છાનામાના !

1. ચોમાસાની ઋતુ સિવાય દેડકાં ક્યાં જતાં રહે છે?
2. વરસાદ આવે ને પાણી મળે એટલે દેડકાંભાઈઓના <u>જીવમાં જીવ આવે</u>.
   અહીં લીટી દોરેલ શબ્દજૂથના સ્થાને સમાન અર્થ ધરાવતા શબ્દો મૂકી વાક્ય ફરીથી લખો.
3. "રડ્યાખડ્યા" શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો
4. ખોભાણો એટલે શું?
5. દેડકાં અંદાજે કેટલા  મહિના બખોલમાં નિષ્ક્રિય પડી રહે?

અ.નિ. આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો. (5)**

1. ઉદાહરણ મુજબ બીજા બે શબ્દો લખો.
   અંજન–મંજન  ચાહો - ................ ,  ચંદન - ................
2. વરસાદ અને સ્વેટર:  આ બે શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.
3. શબ્દોને યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.
   હતું ઝાડ પંખી એક ઉપર ગાતું બેઠુ સુંદર બેઠું ગીતો.
4. અમારા ગણિતના શિક્ષક ભાષાનું પણ ખૂબ .................. ધરાવે  છે. (જ્ઞાન, અજ્ઞાન)
5. આપ સમાન બળ નહિ, મેઘ .............. જળ નહિ. (સમાન, અસમાન)

અ.નિ. પરિચિત પ્રસંગો, સ્થળો અને પરિસ્થિતિનું વર્ણન કરી શકે છે.

**પ્રશ્ન -5 અત્યારે તમે ઘરે શું શું કરો છો? સવારથી રાત સુધીની દિનચર્યા તમારા શબ્દોમાં લખો. (5)**